# વીરપુરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: ગાજવીજ અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ

## કપાસ, મગફળી અને સોયાબીનના પાક માટે વરસાદ બન્યો 'કાચું સોનું', ખેડૂતોમાં ખુશીનો માહોલ



વીરપુર: યાત્રાધામ વીરપુરમાં સવારથી અસહ્ય ઉકળાટ અને બફારા બાદ બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન સાથે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થતાં સમગ્ર વીરપુર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકો અને ખેડૂતોમાં વરસાદના આગમનથી ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

વીરપુરમાં ભારે પવન અને ગાજવીજ સાથે શરૂ થયેલા ધોધમાર વરસાદને પગલે ટૂંકા સમયગાળામાં જ રોડ-રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થયા હતા. ગરમી અને ઉકળાટથી ત્રસ્ત લોકોને વરસાદના કારણે મોટી રાહત મળી હતી. વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા વીરપુરની ગલીઓ અને બજારોમાં પણ ઠંડકનો અનુભવ થયો હતો.

બીજી તરફ, વીરપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ વાવેતર કરેલા કપાસ, મગફળી, સોયાબીન સહિતના પાક માટે આ વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે. પાકને હાલ પાણીની જરૂરિયાત વચ્ચે મેઘરાજાએ ધોધમાર વરસાદ વરસાવતા ખેડૂતોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. વરસાદને ખેડૂતો 'કાચું સોનું' ગણાવી રહ્યા છે.

ખાસ કરીને કપાસ, મગફળી અને સોયાબીનના ઉભા પાકને વરસાદથી ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે. વરસાદના આગમનથી ખેતરોમાં પણ હરિયાળી છવાવાની સાથે પાકના વિકાસને વેગ મળવાની આશા સેવાઈ રહી છે.

આમ, વીરપુરમાં ભારે પવન, ગાજવીજ અને ધોધમાર વરસાદ સાથે મેઘરાજાની એન્ટ્રી થતાં એક તરફ લોકોને ગરમીમાંથી રાહત મળી તો બીજી તરફ વરસાદે ખેડૂતોના પાકમાં નવી આશા જગાવી છે.

# ગુજરાતને ડમી શાળામાંથી મુક્તિ મળશે!

## રાજકોટમાં ફેડરેશન ઓફ એકેડેમિક એસો.ની બેઠક, ટ્યુશન ક્લાસમાં સમય મર્યાદાના નિર્ણયથી અભ્યાસનું ભારણ ઘટશે

રાજકોટ:રાજકોટ ખાતે યોજાયેલી ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશનની મહત્વપૂર્ણ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને સરકારને કરાયેલી રજૂઆતો સીધી રીતે વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં મોટો બદલાવ લાવનારી સાબિત થશે. હાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓના નામે નાના બાળકો ઉપર સતત વધતા માનસિક તણાવ, ડમી શાળાઓના કારણે ખોરવાતી શિક્ષણ વ્યવસ્થા, ટ્યુશન ક્લાસીસની અસમતોલ ફી મર્યાદા જેવા મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરીને પ્રજાલક્ષી મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. આ બેઠક બાદ જાહેર કરાયેલી બાબતોથી રાજ્યના લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મોટો સીધો ફાયદો થવાની આશા જાગી છે.

સૌથી મોટો ફાયદો ગુજરાતને ડમી શાળાઓનાં મોટા દૂષણમાંથી મુક્તિ સ્વરૂપે મળશે. શાળાઓ સાથે ટાઈ-અપ કરીને અંદર જ ખાનગી ઈન્સ્ટિટ્યુટના ક્લાસીસ ચલાવવાની




પ્રવૃત્તિ બંધ કરવાની માંગણીથી વિદ્યાર્થીઓને નિયમિત શાળાકીય માહોલ મળશે. આ ઉપરાંત ૧૬ વર્ષથી નાની વયના બાળકો માટે JEE અને NEET જેવી કઠિન સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગ પર મર્યાદા મૂકવાની રજૂઆતથી નાના બાળકો પરથી નાનપણથી જ અતિશય અભ્યાસનું બોજારૂપ દબાણ દૂર થશે.

દરરોજ માત્ર ૩થી ૪ કલાક કોચિંગ આપવાનો નિયમ અમલી બનશે તો વિદ્યાર્થીઓને માનસિક રીતે થાક લાગશે નહી અને તેઓ રમતગમત તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે પણ સમય ફાળવી શકશે, જેથી તેમનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

વાલીઓ માટે પણ આ સમન્વય બેઠકના સૂચનો આર્થિક અને સામાજિક રીતે ખૂબ રાહતરૂપ બની રહેશે. સરકાર દ્વારા લાવવામાં આવનાર ટ્યુશન એક્ટ હેઠળ તમામ નાના-મોટા ક્લાસીસનું વ્યાજબી ફી સાથે રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવાની માંગથી ખાનગી કોચિંગ સેન્ટરોની મનસ્વી ફી ઉઘરાવવાની પ્રવૃત્તિ પર લગામ લાગશે. વાલીઓએ બાળકોના ભવિષ્ય માટે આપવી પડતી અતિશય ફીમાંથી મુક્તિ મળશે અને પારદર્શક વ્યવસ્થા ઊભી થશે.શાળાના શિક્ષકો દ્વારા અલગથી લેવાતા ખાનગી ટ્યુશન બંધ કરવાના નિર્ણયથી વર્ગખંડમાં જ ગુણવત્તાસભર શિક્ષણ આપવાની શિક્ષકોની જવાબદારી વધશે, જેનાથી સામાન્ય વર્ગના વાલીઓને વધારાના ટ્યુશન ખર્ચમાંથી મુક્તિ મળશે.

# પ્રામાણિકતાનું ઉદાહરણ: રાજકોટ ડિવિઝન RPFએ બે મુસાફરોને ૧.૮૪ લાખથી વધુ કિંમતનો સામાન પરત કર્યો

## 'ઓપરેશન અમાનત' અંતર્ગત મોબાઈલ, રોકડ, ઘરેણાં તેમજ અન્ય સામાન સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા બળ દ્વારા મુસાફરોની સુરક્ષાની સાથે-સાથે મુસાફરી દરમિયાન ભૂલી ગયેલા સામાનને સુરક્ષિત પરત સોંપવાનું કાર્ય સતત કરવામાં આવી રહ્યું છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ જ ક્રમમાં દ્વારકા પોસ્ટ અંતર્ગત ઓખા આઉટ પોસ્ટ તથા જામનગર રેલવે સુરક્ષા બળ પોસ્ટના જવાનોએ બે મુસાફરોને કુલ ૧.૮૪ લાખથી વધુ મૂલ્યનો સામાન સુરક્ષિત રીતે પરત કરીને પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**ઓખામાં મુસાફરને ૧.૦૨ લાખની કિંમતનો સામાન પરત કરાયો**

તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ટ્રેન નંબર ૧૯૨૫૧ વેરાવળ-ઓખા એક્સપ્રેસના ઓખા સ્ટેશન પર આગમન બાદ રેલવે સુરક્ષા બળના જવાનો દ્વારા ટ્રેનની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન એક બેગ મળી આવી હતી, જેમાં બે મોબાઈલ ફોન અને ?૧,૨૦૦ રોકડા મળ્યા હતા. મોબાઈલ ફોન ચાલુ હાલતમાં હોવાથી રેલવે સુરક્ષા બળના જવાનોએ સંબંધિત મુસાફરનો સંપર્ક કર્યો હતો.

મુસાફરને તેનો સામાન ઓખા રેલવે સુરક્ષા બળ કાર્યાલયમાં સુરક્ષિત હોવાની જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ રેલ મદદ ના માધ્યમથી ફરિયાદ નોંધવામાં આવી અને મુસાફર ઓખા રેલવે સુરક્ષા બળ પોસ્ટ પર ઉપસ્થિત થયો.

જરૂરી કાગળની કાર્યવાહી અને ઓળખની ચકાસણી બાદ મુસાફર સુધાકર ચોલે (રહેવાસી તેલંગાણા) ને તેમનો સામાન સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો હતો. મળી આવેલા સામાનમાં એપલ કંપનીનો મોબાઈલ ફોન આશરે ૮૦,૦૦૦, બીજો મોબાઈલ ફોન આશરે ૨૦,૦૦૦, ૧,૨૦૦ રોકડા તેમજ આશરે ૮૦૦ ની કિંમતની બેગ સામેલ હતી. આમ, કુલ ૧,૦૨,૦૦૦ ની કિંમતનો સામાન મુસાફરને પરત કરવામાં આવ્યો હતો.




આ કાર્યવાહીમાં રેલવે સુરક્ષા બળના સબ ઈન્સ્પેક્ટર જાકે ખાન અને કોન્સ્ટેબલ અરૂણની મહત્વની ભૂમિકા રહી હતી. મુસાફરે રેલવે સુરક્ષા બળની તત્પરતા અને પ્રામાણિકતાની પ્રશંસા કરીને આભાર વ્યક્ત કર્યો હતો.

**જામનગરમાં મહિલા મુસાફરને ૮૨,૦૦૦ ની કિંમતનો સામાન પરત કરાયો**

એક અન્ય કિસ્સામાં તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ જામનગર સ્ટેશન પર ટ્રેન નંબર ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસના જનરલ કોચમાં ચઢતી વખતે એક મહિલા મુસાફરનું પર્સ પડી ગયું હતું. મહિલા મુસાફર દ્વારા રેલ મદદ મારફતે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરજ પર તૈનાત રેલવે સુરક્ષા બળના સબ ઈન્સ્પેક્ટર શિવશંકર કટિયાર દ્વારા સ્ટેશન પર તપાસ કરતા પર્સ મળી આવ્યું હતું.

મહિલા મુસાફરને પર્સ મળી ગયાની જાણ કરવામાં આવી હતી અને જામનગર આવીને રેલવે સુરક્ષા બળ કાર્યાલયમાંથી તે મેળવી લેવા સૂચના આપવામાં આવી હતી. તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મહિલા મુસાફર મનોરમા (રહેવાસી મધ્યપ્રદેશ) જામનગર રેલવે સુરક્ષા બળ કાર્યાલય પહોંચ્યા હતા.

પર્સની તપાસ કરતા તેમાંથી વિવો કંપનીનો મોબાઈલ ફોન આશરે ?૭,૦૦૦, ચાંદીના ચાર જોડી સાંકળા (ઝાંઝર) આશરે ૨૫,૦૦૦, ચાંદીની ત્રણ જોડી માછલી (વીંછીયા) આશરે ૮,૦૦૦, સોનાની કાનની બુટ્ટી (ટોપ્સ) આશરે ૪૦,૦૦૦, ચાંદીની રાખડી આશરે ?૧,૦૦૦, અન્ય સામાન આશરે ૫૦૦ તથા આશરે ૫૦૦ ની કિંમતનું લેડીઝ પર્સ મળી આવ્યું હતું. આમ, કુલ સામાનની અંદાજિત કિંમત ૮૨,૦૦૦ હતી.

જરૂરી ચકાસણી અને કાગળની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ ઉપરોક્ત સામાન મહિલા મુસાફરને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો હતો. મહિલા મુસાફરે રેલવે સુરક્ષા બળ, જામનગરની તત્પરતા અને પ્રામાણિકતાની પ્રશંસા કરીને આભાર માન્યો હતો.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના તથા ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રી કમલેશ્વર સિંહે આ પ્રશંસનીય કાર્ય બદલ સંબંધિત રેલવેકર્મીઓની તત્પરતા, પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના રેલવે સુરક્ષા બળની ઉત્કૃષ્ટ કાર્યશૈલી અને મુસાફરોની સુરક્ષા પ્રત્યેની તેની અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

## ઓગસ્ટ માસમાં રૂ. ૧.૩૨ લાખથી વધુની કિંમતનો ગાંજાનો જથ્થો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરાઈ

રાજકોટ: રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની મીટિંગ યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ નશાકારક પદાર્થોના દૂષણને નાથવા માટે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીની સમીક્ષા કરી હતી.

આ બેઠક દરમિયાન એસ.ઓ.જી. પી.આઈ. શ્રી એફ. એ. પારગીએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન નશાકારક પદાર્થો સામે કડક કાર્યવાહી હાથ ધરીને એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કુલ ૦૩ ગુના શોધી કાઢવામાં આવ્યા છે. જેમાં કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂ. ૩૮,૭૫૦ (૭૭૫ ગ્રામ ગાંજો), ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂ. ૪૮,૨૦૦ (૯૬૪ ગ્રામ ગાંજો) તથા વિંછીયા



પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રૂ. ૪૫,૬૫૦ (૯૧૩ ગ્રામ ગાંજો) મળીને કુલ રૂ. ૧,૩૨,૬૦૦ની કિંમતનો ૦૨ કિલો ૬૫૨ ગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જર, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી તૃપ્તિબેન પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# TAT-Sની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ

## ઉમેદવારોએ કહ્યું-પહેલું પેપર અપેક્ષા મુજબનું જ હતું જ્યારે બીજું પેપર થોડું લાંબું હતું

રાજકોટ:રાજકોટમાં TAT-Sની પરીક્ષા યોજાઈ હતી. શહેરના અલગ અલગ ૮૫ કેન્દ્રો પર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પરીક્ષા આપવા માટે ૧૫,૦૦૦ ઉમેદવારો નોંધાયા હતા. પરીક્ષા ૨ શિફ્ટમાં યોજાઈ હતી જેમાં પહેલું પેપર સવારે ૧૦:૦૦ વાગ્યાથી ૧:૦૦ વાગ્યા સુધી અને બીજું પેપર બપોરે ૩:૦૦ વાગ્યાથી લઈને ૬:૦૦ વાગ્યા સુધી ચાલ્યું હતું.



જોકે પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે તમામ કેન્દ્રો પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તથા ઉમેદવારોનું કડક ચેકિંગ કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. હાલ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

'પેપર થોડું લાંબું અને ગણિત અને વિજ્ઞાન બંને વિષયોનું પ્રમાણ સરખું હતું'ડાંગર મેઘા નામના પરીક્ષાર્થીએ આ પેપર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પેપર થોડું લાંબું (લેન્થી) હતું. ગણિત અને વિજ્ઞાન બંને વિષયોનું પ્રમાણ સરખું રાખવામાં આવ્યું હતું. જોકે વિજ્ઞાનનો ભાગ વધારે સારો રહ્યો હતો, જ્યારે ગણિતનો વિભાગ થોડો લાંબો પડે તેવો હતો. ગુજરાતીનું પહેલું પેપર અપેક્ષા મુજબનું જ હતું અને તેમાં કોઈ ખાસ સમસ્યા આવી નહોતી. પરંતુ બીજું પેપર થોડું લાંબું હતું.

આ પરીક્ષાના પરિણામ અને તે વિશે પોતાની ગણતરી અંગે તેમણે કહ્યું કે, હવે મેરિટ કેટલે અટકે છે અને કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે તેના આધારે આગળની સ્થિતિ સ્પષ્ટ થશે. પેપરમાં પ્રશ્નો અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે પ્રશ્નોમાં કોઈ ભૂલ ન હતી અને બધું જ યોગ્ય હતું.

ઉલ્લેખનીય છે કે આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે પોલીસ તંત્ર પણ સતત સતર્ક રહ્યું હતું. અને ટ્રાફિક સહિતના કારણે છાત્રોને કોઈ મુશ્કેલી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. તેમજ પોલીસ કમિશ્નર દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ તેમજ પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટર આસપાસ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

# ચાર્જ દૂર નહીં થાય તો કેશ અને ચેકથી જ વ્યવહાર

## UPI પેમેન્ટ પર ચાર્જ લાગુ થાય તે પહેલા જ વેપારીઓમાં સળવળાટ

રાજકોટ: ૧૫ ઓક્ટોબરથીUPI પેમેન્ટમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. રૂ. ૨૦૦૦થી વધુના મર્ચન્ટ ટ્રાન્જેકશન પર ૦.૪% સ્હઇ (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) લાગુ થશે. સરકારના આ નિર્ણયના કારણે વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને ફરી કેશ અને ચેકના વ્યવહાર તરફ આગળ વધવાની વાત કરી રહ્યા છે.

વેપારીઓએ કહ્યું-જે ૨,૦૦૦ રૂપિયાની લિમિટ રાખવામાં આવી છે તેને વધારીને ૫૦,૦૦૦ કે ૧,૦૦,૦૦૦ કરવી જોઈએ. પહેલા વેપારીઓ અને લોકોને UPI માટે પ્રોત્સાહિત કર્યા અને હવે ચાર્જ લગાવવો ખોટી વાત છે.

સરકારના કેશલેસ ઈકોનોમીના અભિયાન બાદ સુરતના લગભગ ૭૦૦૦૦ જેટલા કાપડ વેપારીઓ અને ટ્રેડર્સ




ડિજિટલ પેમેન્ટ તરફ વળ્યા હતા. અત્યાર સુધી નાના-મોટા વેપારીઓ ૫૦૦૦ થી ૨૦૦૦૦ રૂપિયાનો માલ ખરીદતા અને ઈન્સ્ટન્ટ UPI થી પેમેન્ટ કરતા, જેનાથી માલ તરત જ પેક થઈ જતો હતો. પરંતુ હવે UPI ચાર્જથી બચવા માટે પેમેન્ટ ચેકથી સ્વીકારવામાં આવશે. ચેક ક્લિયર થવામાં ૩ થી ૪ દિવસનો સમય લાગતો હોવાથી વેપારમાં ઢીલાશ આવશે અને બહારગામના વેપારીઓના માલની ડિલિવરીમાં પણ વિલંબ થશે.

કાપડ વેપારીએ આ ૦.૪% ચાર્જની ગણિત સમજાવતા કહ્યું કે, "આ ચાર્જની અસર સીધી કપડાની પડતર કિંમત પર પડશે. કારણ કે કાપડ બનવાના દરેક તબક્કે ૦.૪% ચાર્જ લાગશે. અમે વર્કવાળાને, ગ્રે વાળાને, મિલ વાળાને અને પાર્ટીને પેમેન્ટ આપીશું, ત્યારબાદ સેમી હોલસેલથી લઈને રિટેલ સુધી દરેક જગ્યાએ ચાર્જ લાગશે. આમ, આજના સમયમાં કપડા પર ૨ થી ૨.૫% માર્જિન આપોઆપ જોડાઈ જશે, જેના કારણે કાપડ મોંઘુ થશે અને વેચાણ ઘટશે."સરકારને અપીલ કરતા જણાવ્યું છે કે, "આ નિર્ણયની સીધી અસર નાના વેપારીઓ પર પડશે. ૯૦% લોકો અત્યારે કેશલેસ સિસ્ટમમાં જોડાઈ ગયા છે. પરંતુ જા UPI પર ફરીથી ટેક્સ લાગશે, તો લોકો પાછા કેશ અને પેપર પદ્ધતિ તરફ વળી જશે.

# શ્રીનાથ ધામ હવેલી ખાતે વ્રજરાજકુમારજીની પધરામણી થશે

રાજકોટ:રાજકોટમાં VYO શ્રીનાથ ધામ હવેલી, મોટા મવા રોડ ખાતે આવનાર તારીખ ૨૨ સપ્ટેમ્બર મંગળવાર ના રોજ વૈષ્ણવાચાર્ય પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદય શ્રી ની મંગલ ઉપસ્થિતિમાં દાન એકાદશી એવમ્ શ્રી વામન જયંતિ ઉત્સવ નિમિતે શ્રી ઠાકોરજી ને પંચામૃત સ્નાન થશે.

શ્રી વામન જયંતિ ઉત્સવ પર શ્રી ઠાકોરજીના પંચામૃત સ્નાન દર્શનનો



લાભ સવારે ૧૧:૩૦ કલાકે પ્રાપ્ત થશે. તદુપરાંત પૂજ્યશ્રી ની મુલાકાત એવમ્ આશીર્વાદ મેળવવાનો લાભ સૌ વૈષ્ણવોને પ્રાપ્ત થશે.આ પાવન પ્રસંગે સૌ વૈષ્ણવજનોને ઉપસ્થિત રહી શ્રી ઠાકોરજીના પંચામૃત સ્નાનના દર્શન તથા પૂજ્યશ્રીના આશીર્વાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ.વધુ વિગત માટે ૯૩૧૬૨ ૫૩૪૨૩ નંબર પર સંપર્ક કરવો.

# સિવિલ હોસ્પિટલની ટીમે ૩ વર્ષથી ગોઠણનાં દુ:ખાવાથી પીડાતા દર્દીને ચાલતા કર્યા

## તબીબી સારવાર સાથે માનવતાનો સ્પર્શ

રાજકોટ:રાજકોટ સિવિલ હોસ્પિટલે ફરી એકવાર ઉત્કૃષ્ટ તબીબી સારવાર અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હોસ્પિટલના નિષ્ણાત તબીબો અને સ્ટાફની નિષ્ઠાના પરિણામે ત્રણ વર્ષથી અસહ્ય પીડા ભોગવતા ૫૬ વર્ષીય મુકેશભાઈ પટેલને સફળ ઓપરેશન બાદ દુખાવા વગર ચાલવાની નવી શક્તિ મળી છે. બીજી તરફ પરિવાર હોવા છતાં એકલવાયું અને અસહાય જીવન જીવતા ૫૦ વર્ષીય વિક્રમભાઈ સોલંકીને યોગ્ય તબીબી સારવારની સાથે હેલ્પ ડેસ્ક ટીમ દ્વારા માનસિક હૂંફ અને માર્ગદર્શન આપીને પુન: સ્વસ્થ જીવન તરફ વાપસી કરાવવામાં આવી હતી. આ બંને કિસ્સાઓએ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સારી રીતે કાળજી લેવામાં આવતી હોવાની વાતને સાબિત કરી છે.

પ્રથમ કિસ્સાની વિગતવાર વાત કરીએ તો, દેગામ (ખીરસરા) સ્થિત સત સેવા ગાંડાની મોજ આશ્રમ ખાતે રહેતા ૫૬ વર્ષીય મુકેશભાઈ બાબુભાઈ પટેલ છેલ્લા ૩ વર્ષથી જમણા ગોઠણના અસહ્ય દુખાવાથી પીડાતા હતા. પીડા એટલી તીવ્ર હતી કે તેમનું સામાન્ય ચાલવું અને બેસવું પણ અત્યંત મુશ્કેલ બની ગયું હતું. આ અસહ્ય યાતનામાંથી મુક્તિ મેળવવા માટે તેઓ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયા હતા. હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગ દ્વારા



તમામ જરૂરી તબીબી તપાસ હાથ ધરવામાં આવી હતી.દર્દીની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમના જમણા ગોઠણની ઢાંકણી બદલવાનું સર્જરી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. તબીબોની વિશેષ ટીમ દ્વારા ૧૭ સપ્ટેમ્બરના રોજ આ જટિલ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભાની નોટીસ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વાર્ષિક સામાન્ય સભા તા.૩૦-૦૯-૨૦૨૬ બુધવારના રોજ સાંજના ૫-૩૦ વાગે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. મિટીંગનો એજન્ડા તમામ સભ્યોને વોટસએપ તથા ઈ-મેઈલ દ્વારા મોકલી આપેલ છે. આ અંગે કોઈપણ રજુઆત અથવા પ્રસ્તાવ હોય તો તે સંસ્થાની ઓફીસમાં તા. ૨૩-૦૯-૨૦૨૬ સુધીમાં મોકલી આપવાના રહેશે તેમજ સભાસદોએ વાર્ષિક સામાન્ય સભામાં સમયસર હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

| વી.પી. વૈષણવ | પાર્થ ગણાત્રા | નૌતમ બારસીયા | ઉત્સવ દોશી | વિનોદ કાછડીયા |
|---|---|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | માનદ મંત્રી | માનદ્ સહમંત્રી | ખજાનચી |

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# રાજકોટ જિલ્લામાં તહેવારો પૂર્વે ટ્રાફીક અને સફાઈના પ્રશ્નો ઉકેલવા કલેકટર દ્વારા અધિકારીઓને તાકીદ

## જિલ્લા ફરિયાદ સંકલન સમીતીની બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજુ કરાયેલા પ્રશ્નોની ચર્ચા

રાજકોટ,

રાજકોટ જિલ્લા ફરિયાદ સંકલન સમીતીની બેઠક આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજુ કરાયેલા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેની સાથોસાથ આ પ્રશ્નોનો સમય મર્યાદામાં નિકાલ કરવા માટે કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા અધિકારીઓને આદેશ આપેલ હતો.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયાએ કુવાડવા અને આસપાસના વિસ્તારમાં મોટા પાયે થઈ રહેલા નોનવેજના વેચાણ અંગે પ્રશ્ન્ન રજૂ કર્યો હતો, જેના જવાબમાં અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ તપાસ કર્યા બાદ યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું હતું.

જયારે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર તહેવારોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યા, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં સફાઈ અને રેલવે જંકશન ખાતે આડેધડ પાર્કિંગ અંગે રજૂઆત કરી હતી. જેના જવાબમાં હાઈવે પર બેરિકેટ્સ અને સાઈન બોર્ડ લગાવી ટ્રાફિક સંચાલન કરવા તથા દિવાળી પહેલાં કામગીરી પૂર્ણ કરવા કલેક્ટરએ સૂચના આપી હતી.

આ ઉપરાંત, શાપર-વેરાવળમાં તાત્કાલિક સફાઈ



કરાવવા, રેલવે સ્ટેશન પાસે રિક્ષા અને ખાનગી વાહનો માટે અલગ પાર્કિંગ લેન કરવા તેમજ વિવિધ રોડ પરના ગેરકાયદેસર કટ તાત્કાલિક બંધ કરવા સૂચના આપી હતી. સ્ટેટ રોડ, પંચાયત રોડ, કે રુડાના રોડ પર ગેરકાયદેસર કટ-ગેપિંગ મીડિયન ખુલ્લા જોવા મળે તો તાત્કાલિક તેની માહિતી આપવા કલેક્ટરએ અધિકારીઓને સૂચિત કર્યા હતા.

બેઠકમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ દ્વારા મતદાર યાદીમાં નામ ઉમેરાવાના બાકી રહી ગયા હોવા સંબંધિત પ્રશ્ન અંગે કલેક્ટરએ સંબંધિત પ્રાંત અધિકારીને તાત્કાલિક સંકલન સાધીને આ કામગીરી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. જ્યારે બીજા પ્રશ્ર્નમાં તેમણે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ હોસ્પિટલોના પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનના લીધે દર્દીઓના પ્રાઈવેટ ઈન્સ્યોરન્સ ક્લેમ પાસ થવામાં મુશ્કેલીઓ આવી રહી હોવાની રજૂઆત કરી હતી, જેના નિકાલ માટે કલેક્ટરએ આરોગ્ય તંત્ર સાથે સંકલન સાધીને આ પેન્ડન્સી ત્વરિત પૂરી કરવા આદેશ આપ્યો હતો જેથી દર્દીઓ અને હોસ્પિટલોને પડતી હાલાકી દૂર થઈ શકે.

બેઠકમાં કલેક્ટરએ બાકી પ્રશ્નો સંબંધિત કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટ, ડી.સી.એફ. યુવરાજસિંહ ઝાલા તેમજ વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજને નયનરમ્ય વેશભૂષામાં શણગાર

રાજકોટ,

શ્રી સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજ આજે અતિ મનોહર અને અલૌકિક શણગારમાં શોભી રહ્યા છે. લાલ રંગના સુંદર જરીદાર વાઘા દાદાના સ્વરૂપને ભવ્યતા અર્પે છે. મસ્તક પર શોભતો લીલારંગનો ભવ્ય સાફો દાદાના તેજમાં વિશેષ આભાર પાથરે છે.

લીલા રંગનો ખેસ દાદાના દિવ્ય સ્વરૂપને વધુ મનમોહક બનાવે છે. સાફા પરની સુંદર કલગી અને અલંકારો મસ્તકની શોભામાં વધારો કરે છે. ગળામાં ધારણ કરેલા રત્નજડિત હાર અને મોતીના આભૂષણોથી દિવ્યતા છલકાય છે.

હાથમાં શોભતી સુવર્ણ ગદા દાદાના પરાક્રમ અને વીરતાની પ્રતીતિ કરાવે છે. ચરણકમળ પાસે શોભતા ગુલાબના પુષ્પો ભકિતભાવને વધુ સુગંધિત બનાવે છે. લાલ પીછવાઈ અને સુવર્ણ સિંહાસનની ભવ્ય પૃષ્ઠભૂમિ દાદાના દર્શનને અદ્વિતીય બનાવે છે. આવા મંગલમય દર્શન ભકતોના હૃદયમાં શ્રધ્ધા, શાંતિ અને આનંદ ભરી દે છે.



# રાજકોટ બાલભવન દ્વારા કિડસ એન્ડ મોમ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૬'નું વિશિષ્ટ આયોજન

રાજકોટ:

છેલ્લા ૭૦ વર્ષથી બાળ પ્રવૃત્તિઓ ક્ષેત્રે કાર્યરત બાલભવન રાજકોટ દ્વારા આ વર્ષે બાળકોની સાથે મમ્મીઓ પણ ગરબે ઘૂમી શકે તેવા અનોખા 'કિડસ એન્ડ મોમ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું છે. બાલભવનના જોકર ગ્રાઉન્ડ ખાતે તા. ૧૧-૧૦-૨૦૨૬ થી તા. ૨૦-૧૦-૨૦૨૬ દરમિયાન દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી આ અર્વાચીન દાંડિયારાસ યોજાશે.

બાલભવનના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન) અને શ્રી યજ્ઞેશભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા ટીમ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ મહોત્સવમાં બાળકો ઓરકેસ્ટ્રા, રોશની અને વિઝ્યુઅલ સ્ક્રીન ઈફેક્ટ્સ સાથે ગરબે ઘૂમશે.મહોત્સવમાં ભાગ લેવા માટે વયજૂથ મુજબ ત્રણ કેટેગરી રાખવામાં આવી છે, ગ્રૂપ - અઃ ૫ થી ૧૦ વર્ષ (બાળકો),ગ્રૂપ - ઈઃ ૧૧ થી ૧૬ વર્ષ (બાળકો), ગ્રૂપ - ઈઃ ૧૬ વર્ષથી મોટાં (બહેનો/મમ્મીઓ) રહેશે.

# રાજકોટમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ફૂલ બજારમાં સફાઈ કામગીરીનું મ્યુનિ.કમિશનર દ્વારા નિરીક્ષણ

## ફૂલનો કચરો જાહેરમાં ન નાખવાઃ રસ્તા પરનાં અનધિકૃત દબાણો દૂર કરવા આદેશ

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત શહેરના તમામ ૧૮ વોર્ડમાં વિવિધ સ્થળોએ સઘન અને વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશના અનુસંધાને આજે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ રામનાથપરા વિસ્તારમાં આવેલા ફૂલ બજારની મુલાકાત લઈ સ્વચ્છતા કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

નિરીક્ષણ દરમિયાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ફૂલ બજાર વિસ્તારમાં સ્વચ્છતા



જળવાઈ રહે તે માટે ધંધાર્થીઓને ફૂલોનો કચરો જાહેરમાં નહીં નાખવા તેમજ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત રસ્તામ પર થયેલાં અનધિકૃત દબાણો દૂર કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી હાથ ધરવાના નિર્દેશ આપ્યા હતા.

રાજકોટ શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવાના હેતુથી મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનને વેગ આપવામાં આવી રહ્યો છે. આ કામગીરીમાં શહેરીજનો અને ધંધાર્થીઓનો સહયોગ મળી રહે તે માટે મહાનગરપાલિકાએ જાહેર સ્થળોએ કચરો નહીં નાખવા અને સ્વચ્છતા જાળવવામાં સહભાગી બનવા અપીલ કરી છે.

# પૂર્વ મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરીયાએ ૧૩૫મી વાર રકતદાન કર્યુ

રાજકોટ,

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ



નિમિત્તે દેશભરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત પ્રધાનમંત્રીશ્રીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ડો. વલ્લભભાઈ કથીરિયાએ ૧૩૫મું રક્તદાન કરી માનવસેવાનો ઉત્તમ સંદેશ આપ્યો હતો.

આ રક્તદાન કેમ્પમાં સ્થાનિક સૌસર વિસ્તારના ભાજપના અગ્રણી નાનાભાઉ મોહોડ, જિલ્લા ભાજપ પ્રમુખ સંદીપ મોહોડ, ભાજપના કાર્યકર્તાઓ તેમજ રેમન્ડ ઈન્ડસ્ટ્રીયલ એરિયાના ઉદ્યોગપતિઓ અને કર્મચારીઓએ પણ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. ઉપસ્થિત સૌએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

# રાજકોટ જિલ્લામાં યોજાયેલ રકતદાન શિબિરમાં ૮૦૦થી વધુ યુનિટ રકત એકત્ર થયું

રાજકોટ

રાજયભરમાં શરૂ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રાજકોટ જિલ્લામાં તમામ તાલુકા મથક તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં ગતરોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિવિધ શિબિરોમાં સ્વૈચ્છિક રક્તદાન માટે લોકો ઉમટ્યા હતા. રાજકોટ શહેર, જિલ્લામાં યોજાયેલી શિબિરોમાં ૮૦૩ યુનિટ બ્લડ એકત્ર કરાયું હતું.



જસદણમાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં પ્રાંત અધિકારી રાહુલ ખાંભરા તેમજ અન્ય સ્ટાફ તમામે ઉત્સાહપૂર્ણ રીતે રક્તદાન કર્યું હતું. વિંછિયામાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. રાજા ખાંભલા તેમજ સુપ્રિન્ટેન્ડન્ટે પણ રક્તદાન કરીને લોકોને રક્તદાન કરવા પ્રેરણા આપી હતી.

દરમિયાન જેતપુરમાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ચાલી રહેલા રક્તદાન કેમ્પની મુલાકાત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.આર. ફુલમાલી તથા આર.સી.એચ.ઓ. દ્વારા લેવામાં આવી હતી. પડધરીમાં રક્તદાન શિબિરમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાએ રકતદાતાઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા હતા. વિવિધ તાલુકાઓમાં ચાલી રહેલા રકતદાનની સાથે અંગદાન માટેની મહાપ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી.

# રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે મહાઆરતીનું આયોજન



રાજકોટ,

રાજકોટ મારવાડી યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે ભવ્ય મહાઆરતીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૫,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમજ યુનિવર્સિટીના નેતૃત્વ સાથે જોડાયેલા સભ્યો એકત્ર થયા હતા. આધ્યાત્મિક ઊર્જા અને સામૂહિક ઉત્સાહથી ભરેલી આ સાંજ યુનિવર્સિટીની જીવંત સમુદાય ભાવના અને સમૃદ્ધ સાંસ્કૃતિક એકતાનું ઉત્તમ પ્રતિબિંબ બની રહી હતી.

સાંજની શઆત ડિપાર્ટમેન્ટ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ દ્વારા આયોજિત લાઈવ ભજન જામિંગ સેશનથી થઈ હતી. એકોસ્ટિક ગિટાર અને પરંપરાગત વાદ્યોના સંગાથ સાથે રજૂ થયેલા મધુર ભજનોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ખુલ્લા કેમ્પસની સીડીઓ સામૂહિક શ્રદ્ધાના સ્થાનમાં પરિવર્તિત થઈ ગઈ હતી.

પ્રસંગે બોલતાં એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર નરેશ જાડેજાએ જણાવ્યું હતું કે, 'મહાઆરતી માટે ૫,૫૦૦થી વધુ લોકોનું એકત્ર થવું એ મારવાડી યુનિવર્સિટીની સાચી આત્મા દર્શાવે છે, જે પરંપરા, વિવિધતા અને એકતાનો સંગમ છે. સાચું શિક્ષણ માત્ર બૌદ્ધિક વિકાસ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વ્યક્તિત્વ ઘડતર અને સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે આદર વિકસાવે છે.'

# નીચી માંડલ ગામે ગળેફાંસો ખાઈ યુવાને આપઘાત કર્યો

મોરબીઃ

નીચી માંડલ નજીક સિરામિકની લેબર કોલોનીમાં ગળેફાંસો ખાઈ યુવાને આયખું ટૂંકાવ્યું હતું પોલીસે બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.મોરબી તાલુકાના નીચી માંડલ નજીક આવેલ સેગા ગ્રાનીટો સિરામિકની લેબર કોલોનીમાં રહીને કામ કરતા અમિતભાઈ રામસેવક (ઉ.વ.૨૫) નામના યુવાને રાત્રીના દશેક વાગ્યે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ લેતા મોત થયું હતું પોલીસે મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે મોરબી તાલુકા પોલીસે આપઘાતના બનાવની નોંધ કરી કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે

# રાજકોટ શહેર ભાજપ દ્વારા 'નમો નમઃ કોન્સર્ટ'ની ભવ્ય સંગીત સંધ્યા યોજાઈ




રાજકોટ,રાજકોટ શહેર ભાજપ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજીક ક્ષેત્રે વિવિધવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ જ શ્રેણીમાં નમો નમઃ કોન્સર્ટ (ભવ્ય સંગીત સંધ્યા)નું આયોજન કરવામાં આવ્યું હતું.નમો નમઃ કોન્સર્ટમાં મુંબઈના કલાકાર મીરાન રોય, અમદાવાદના અભિજીત રાવ, ડો.પાયલ વખરીયા, જયેશ દવે સહિતના કલાકારો પોતાની સંગીતમય રજૂઆતો દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા એક્કર તેજશ શીશાંગીયા દ્વારા કરવામાં આવેલ હતું. જિલ એન્ટરટેનમેન્ટ અને આર.ડી. ઈવેન્ટ્સના સહયોગથી યોજાનારી આ ભવ્ય સંગીત સંધ્યા રાજકોટના સંગીતરસિકો માટે શ્રી ગણપતિ મંગલ મહોત્સવની રાત્રી યાદગાર બની રહી હતી.

# રાજકોટમાં ગાર્ડી હોસ્પિટલના આયુર્વેદ વિભાગ દ્વારા ત્રણ દિવસ નિ:શુલ્ક મેગા મેડીકલ કેમ્પ

રાજકોટ,

રાજકોટ ગાર્ડી વિદ્યાપીઠ સંલગ્ન ગાર્ડી હોસ્પૈટલના આયુર્વેદ વિભાગ દ્વારા ૧૧માં આયુર્વેદ દિવસ નિમિતે આગામી તા.૨૧,૨૨ અને ૨૩ એમ ત્રણ દિવસીય નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ છે. સવારે ૮.૩૦ થી બપોરે ૩ વાગ્યા સુધી ગાર્ડી હોસ્પિટલ આયુર્વેદ વિભાગ, આણંદપર ખાતે યોજાનાર આ કેમ્પમાં કાયચિકિત્સા,સ્ત્રીરોગ, પ્રસુતિ તંત્ર, કૌમારભુત્ય, શાલાકય તંત્ર, શલ્ય તંત્ર, પંચકર્મ અને સ્વસ્થવૃતિ વિભાગના અનુભવી તબીબો દ્વારા નિદાન માર્ગદર્શન અને પ્રાથમિક દવાઓ વિનામુલ્યે અપાશે. વધુને વધુ લોકોએ કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

# રાજકોટના બાલાજી હનુમાનજી મહારાજને અદભુત પુષ્પોનો શણગાર

રાજકોટ,

લાખો ભક્તોની શ્રદ્ધાના પ્રતીક અને રાજકોટવાસીઓના દુઃખહર્તા એવા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) શનિવારના પાવન અવસરે ભક્તિ અને દિવ્યતાનો અનેરો સંગમ જોવા મળ્યો હતો. શનિદેવ અને પવનપુત્ર હનુમાનજી દાદાની આરાધનાના આ વિશેષ દિવસે શ્રી બાલાજી હનુમાનજી દાદાને અત્યંત ભવ્ય, દિવ્ય અને મનોરમ્ય લાલ ગુલાબના ફૂલોનો શણગાર અર્પણ કરવામાં આવ્યો છે.

આ મંગલમય વિશેષ શણગાર અને દર્શનનું આયોજન મંદિરના આયોજક મહંતશ્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.



# બેફામ બોલેરો ચાલકે પાંચ વાહનને હડફેટે લઈ બાઈક ચાલકને કચડયા

## અકસ્માતમાં મોરબીના ૬૨ વર્ષીય અરુણભાઈ શાહનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત



રાજકોટ:
પારેવડી ચોક નજીક ચાલકે પૂરઝડપે બોલેરો ચલાવી ત્રણ બાઈક, બે રિક્ષાને હડફેટે લઈ અકસ્માત સર્જી બાઈક સવાર અરૂણભાઈ ભગવાનજીભાઈ શાહ (ઉ.વ.૬૨, રહે. મોરબી, ઉમિયા ચોક પાસે, ગુજરાત હાઉસિંગ બોર્ડના કવાર્ટરમાં)ને કચડી નાખ્યો હતો. જ્યારે બે રિક્ષા ચાલકને ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મૃતક અરૂણભાઈ મોરબીમાં આરઓ ફિલ્ટરનું રિપેરીંગ અને ઈલેકટ્રીક કામ કરતા હતાં. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પુત્રી રીધ્ધીબેનની આજે માસ્ટર ઓફ આર્ટસની પરિક્ષા હતી. પરિક્ષાનું સેન્ટર ભગવતીપરાની એક શાળામાં આવ્યું હતું. જેથી તે બાઈક પર પુત્રીને પરિક્ષા કેન્દ્રએ મુકીને સાધુ વાસવાણી રોડ પર ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર રહેતા બનેવી જયેશભાઈ પારેખના ઘરે ગયા હતા.

પુત્રીનું બીજું પેપર બપોરે બે વાગ્યે શરૂ થવાનું હતું. તે પુત્રીને જમાડવા માટે બનેવીના ઘરેથી નીકળી પરિક્ષા કેન્દ્ર પર પહોંચી પુત્રીને જમાડીને ત્યાંથી કામ અર્થે બાઈક લઈને નિકળ્યા હતા. પારેવડી ચોક નજીક પહોંચતા સાઉન્ડ સીસ્ટમ ભરેલી બોલેરો પીકઅપના ચાલકે પૂરઝડપે પાછળથી આવી તેનાં બાઈકને હડફેટે લઈ કચડી નાખતા ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. આ બનાવમાં ચાલકે બે રિક્ષા અને બીજા બે બાઈકને પણ ઠોકરે ચડાવ્યા હતા.

બનાવ બનતા આસપાસના લોકો એકઠા થઈ બંને રિક્ષાચાલક ઈરફાન અલીભાઈ તમીમી (ઉ.વ.૩૮, રહે. ભગવતીપરા) અને પરેશભાઈ કેશવલાલભાઈ કુંડલ (ઉ.વ.૪૦)ને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બી-ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચી બોલેરો ચાલકને દબોચી લીધો હતો. અને વૃધ્ધના મૃતદેહને પી.એમ. અર્થે સિવિલમાં ખસેડયો હતો.

# રાજકોટમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ:ગાજવીજ સાથે એક ઈંચ વરસાદ, ગોંડલમાં સાડા ત્રણ ઈંચ સાથે જળબંબાકાર




રાજકોટ: ૨૦ સપ્ટેમ્બરે બપોર બાદ રાજકોટ શહેરમાં વરસાદી માહોલ સર્જાયો હતો. સાંજે ૭ વાગ્યાથી ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શહેરમાં વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ સેન્ટ્રલ ઝોનમાં વરસ્યો હતો. આજે પોણો ઈંચ વરસાદ સાથે સિઝનનો કુલ વરસાદ ૧૯ ઈંચથી વધુ નોંધાઈ ચુક્યો છે. ધોધમાર વરસાદથી શહેરના રાજમાર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યાં હતા અને ગણેશ પંડાલોમાં પણ પાણી ભરાઈ જવાની સ્થિતિ જોવા મળી હતી.

રાજકોટ શહેરમાં રવિવારની સાંજે એકાએક ધોધમાર વરસાદ વરસવાનો શરૂ થયો હતો. સાંજના ૭ વાગ્યા બાદ સતત અડધો કલાક સુધી એક ધારે મેઘરાજાએ વરસવાનું શરૂ કરી દેતા શહેરના રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા . આજે શહેરના સેન્ટ્રલ ઝોનમાં રાત્રિના ૯ વાગ્યા સુધી ૨૪ mm, ઈસ્ટ ઝોનમાં ૧૩ mm, અને વેસ્ટ ઝોનમાં ૧૩ mm, વરસાદ નોંધાયો હતો. જેની સાથે સાથે સિઝનનો કુલ વરસાદ ચાલુ વર્ષે સેન્ટ્રલ ઝોનમાં ૫૧૦ mm, , ઈસ્ટ ઝોનમાં ૪૧૯ mm, અને વેસ્ટ ઝોનમાં ૫૪૦ mm, વરસાદ નોંધાયો છે.

આ તરફ જિલ્લામાં પણ ગોંડલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગાજગીજ સાથે વરસાદમાં વરસ્યો હતો.જેમાં ચાર કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદથી ગોંડલના રાજમાર્ગો પર પણ પાણી ફરી વળ્યાં હતા બીજી તરફ ચરખડી ચોકડી પાસે મેદાનમાં ભેંસ પર વીજળી પડતા તેનું મોત નિપજ્યું હતું. જે ભેંસ ગોમટા ગામના રહેવાસી વિપુલભાઈ લાંબરિયાની હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ ઉત્તર દિશા તરફ અત્યારે એક લો પ્રેશર સક્રિય છે. જે ૨૧ તારીખે આગળ વધશે અને ડિપ્રેશનમાં કન્વર્ટ થઈ જશે. ૨૨ તારીખે ડીપ ડિપ્રેશન બનવાની સંભાવના છે.

# રાજકોટમાં એએસઆઈ અને જીઆરડી જવાન ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયા

## મારામારીના ગુનામાં લોકઅપમાં ન રાખવા અને જલ્દી જામીન માટે આ લાંચ માંગી હતી





રાજકોટ:
શહેરમાં લાંબા સમયથી નિષ્ક્રિય જેવી અવસ્થામાં રહેલી એસીબીએ આખરે આજે કેસ કર્યો હતો. આજી ડેમ પોલીસ મથકના એએસઆઈ રાજેશ ઉર્ફે રાજુભાઈ સામતભાઈ મેર (ઉ.વ.૫૩) અને જીઆરડી જવાન મનોજ બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૩૧)ને રૂા.૧૦ હજારની લાંચ લેતા ઝડપી લીધા હતા.

હાલમાં પણ શહેરના પોલીસ મથકોમાં ભ્રષ્ટાચારની મોટાપાયે બોલબાલા વચ્ચે એસીબી આ રીતે એકલ-દોકલ કેસો કરી સંતોષ માની લેતી હોય છે. એસીબીના સાત્રોના જણાવ્યા પ્રમાણે, ફરિયાદી વિરુદ્ધ આજી ડેમ પોલીસ મથકમાં મારામારીનો ગુનો દાખલ થયો હતો, જેની તપાસ આજી ડેમ પોલીસ ચોકીના એએસઆઈ રાજેશ મેર પાસે હતી. તેણે ફરિયાદી પાસેથી લોકઅપમાં નહી રાખવાના અને જલ્દી જામીનની કાર્યવાહીના અવેજ પેટે રૂા.૧૦ હજાર માગ્યા હતા.

પરંતુ ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી રાજકોટમાં એસીબીની કચેરી હોવા છતાં તેની ઉપર ભરોસો કરવાને બદલે ટોલ ફ્રી નંબર ઉપર ફરિયાદ કરી હતી, જેના આધારે એસીબીના પીઆઈ એમ.એન. રાણાએ ટ્રેપ ગોઠવી હતી. નક્કી થયા મુજબ આજે સવારે ફરિયાદી આજી ડેમ પોલીસ ચોકીના ગેઈટની સામે અને પૂર્વ વિભાગની ટ્રાફિક ભવનની કચેરીના કેમ્પસમાં પહોંચ્યા હતા.

ત્યાં જીઆરડી જવાન મનોજ ચૌહાણે લાંચની રકમ સ્વિકારતા તેને અને એએસઆઈ રાજેશ મેરને એસીબીની ટીમે ઝડપી લીધા હતા. હંમેશાની જેમ આ સમાચાર વાયુવેગે શહેરના પોલીસ સ્ટાફમાં પહોંચી જતા થોડો સમય સન્નાટો મચી ગયો હતો. એસીબીની કાર્યવાહી બાદ એકાદ દિવસ ભ્રષ્ટાચારી પોલીસમાં 'શોક' જેવું વાતાવરણ રહે છે. ત્યારબાદ પરિસ્થિતિ 'સામાન્ય' બની જતી હોય છે.

એસીબીએ લાંચ રૂશ્વત ધારાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ જારી રાખી છે. ઉલ્લેખનીય છે કે, હોમગાર્ડ, ટીઆરબી અને જીઆરડીના જવાનોનો આ રીતે લાંચ લેવામાં પોલીસ ઉપયોગ કરતી હોવાની બાબત ઘણી જૂની છે. જેમાં બંને પક્ષોની ભાગબટાઈ હોય છે

## શિસ્તબદ્ધ ગણાતા ભાજપમાં અસામાજિક અને ગુંડા તત્વોનો જમાવડો

# મોરબી:પતિની બીમારી માટે આપેલ રકમના બદલે મહિલા કોર્પોરેટરના પતિએ દુષ્કર્મ આચર્યું

## ભાજપના મહિલા કોર્પોરેટરના પતિ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ,અગાઉ બહુચર્ચિત જુગાર રેડમાં પણ તેનું નામ ખુલ્યું હતું



મોરબી:
શિસ્તબદ્ધ ગણાતા ભાજપ પક્ષમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્વો અને ગુંડા તત્વોનો જમાવડો જોવા મળી રહ્યો છે ભાજપ નેતાઓ વિરુદ્ધ વિવિધ ગુનાહિત પ્રવૃતિઓ અંગે ફરિયાદો નોંધાતી રહે છે જેમાં મોરબીના મહિલા કોર્પોરેટરના પતિ વિરુદ્ધ એક પરિણીત મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે.મોરબીની રહેવાસી એક પરિણીત મહિલાએ આરોપી શૈલેષ માકાસણા વિરુદ્ધ દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે પાંચ વર્ષ પૂર્વે પતિની બીમારી માટે આરોપી શૈલેષ માકાસણા પાસેથી ૧ લાખ ઉછીના લીધા હતા જે રકમના બદલામાં આરોપીએ અવારનવાર શરીર સંબંધ બાંધવા દબાણ કર્યું હતું અને પરિણીતાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું જેને પગલે પરિણીતા ગર્ભવતી બની હતી જેથી આરોપીએ બાળકની જવાબદારી તે નિભાવશે તેવો વાયદો કરતા ગર્ભપાત કરાવ્યો ના હતો અને ભોગ બનનાર પરિણીતાએ બાળકને જન્મ આપ્યો હતો

જે બાળકના જન્મ બાદ બાળકની કોઈ જવાબદારી આરોપી નિભાવતો ના હતો જેથી પરિણીતાએ આરોપી વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે આરોપી શૈલેષ માકાસણા મોરબી મહાપાલિકા વોર્ડ નં ૮ ના મહિલા કોર્પોરેટરના પતિ છે અગાઉ ટંકારા ધુનડા રોડ પર બહુચર્ચિત જુગાર રેડમાં પણ તેમનું નામ ખુલ્યું હતું તો હવે દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાઈ છે સીટી એ ડીવીઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તપાસ ચલાવી છે

# મોરબીની સબ જેલમાં સરપ્રાઈઝ ચેકિંગમાં સ્માર્ટ ફોન અને સીમકાર્ડ મળ્યા

મોરબી:
મોરબીની સબ જેલ ગુનેગારોનો અડ્ડો બની ગયો હોય તેવો ઘાટ સર્જાઈ રહ્યો છે સબ જેલની અંદર મોબાઈલ, પાન માવા સહિતની પ્રતિબંધિત ચીજવસ્તુઓ જયારે પણ ચેકિંગ થાય ત્યારે મળી આવે છે ગઈકાલે રાત્રીના સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન સ્માર્ટ ફોન અને સીમ કાર્ડ મળી આવતા સબ જેલ પ્રશાસન સામે સવાલો ઉભા થયા છે




મોરબી સબ જેલમાં સુબેદાર તરીકે ફરજ બજાવતા રાજુભાઈ એન ઝેઝરીયાએ સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે મોરબી સબ જેલમાં ગત તા. ૧૯ ના રાત્રીના આઠ વાગ્યે રાત્રી ફરજ બજાવતા સિપાઈ ભરતભાઈ ખાંભરાનો ફોન આવ્યો કે તાત્કાલિક જેલ આવો જેથી જેલ ખાતે પહોંચી સ્ટાફને બોલાવ્યો હતો સિપાઈ અશ્વિનભાઈ મકવાણા, નારણભાઈ ખટાણા, જેલ સહાયક જયકુમાર જારીયા, જેલ સહાયક અભયસિંહ ભાટિયા, સાગરભાઈ કાનગડ, જેલ અધિક્ષક એચ એ બાબરિયા સાહેબના હુકમથી તમામ સ્ટાફને સાથે રાખી સર્કલ નં ૨ ખોલી ઝડતી કરવા ગયા હતા

ઝડતી દરમિયાન કાચા આરોપી ફારૂક અલ્લારખા ભટીના પેન્ટના નેફામાંથી એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને જીયો કંપનીના સીમકાર્ડ મળી આવ્યા હતા જેની કીમત રૂ ૧૦૦૦ જેલ પ્રતિબંધિત વસ્તુ જેલની અંદર રાખવા અંગે ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે આરોપી પાસેથી મોબાઈલ ક્યાંથી આવ્યો, કોણ લાવ્યું અને કોને લાવવામાં મદદ કરી તેની તપાસ કરવામાં આવશે

# જંગલેશ્વર ડિમોલિશન ખર્ચકાંડ મામલે કોંગ્રેસના કોર્પોરેટર મેદાને

## તપાસ સમિતિનો રિપોર્ટ જાહેર કરવા માગ, આંદોલનની ચીમકી, સત્તાધીશોને ગુરુવાર સુધીનું અલ્ટીમેટમ



રાજકોટ:
રાજકોટ મનપાએ ફેબ્રુઆરીમાં જંગલેશ્વર મેગા ડિમોલિશન કર્યું હતું. જેના ખર્ચને લઈને ભારે વિવાદ થયો હતો. ડિમોલેશન કાર્યમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને ગેરરીતિ આચરવામાં આવી હોવાનો ગંભીર આરોપ સામે આવતાં મનપા કમિશનરે તપાસ સમિતિની રચના કરી હતી. જોકે આ સમિતિની રચનાને ૭૦ દિવસ કરતા વધારે સમય વીતી જવા છતાં રિપોર્ટ જાહેર કરાયો નથી. જેને લઈને કોંગ્રેસના વોર્ડ નં-૧૬નાં કોર્પોરેટર ઈબ્રાહીમ સોરા મેદાનમાં આવ્યા છે. અને આગામી ગુરુવાર સુધી તપાસ સમિતિનો રિપોર્ટ જાહેર કરવામાં નહીં આવે તો મનપા કચેરીનાં પ્રાંગણમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.ઈબ્રાહિમ સોરાએ જણાવ્યું કે, જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલેશન અને કાટમાળ ખસેડવાની કામગીરીમાં મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી હતી. કટકી કરીને લાખો રૂપિયાના બોગસ બિલ મૂકવામાં આવ્યા હોવાના આરોપો સામે આવ્યા બાદ સમગ્ર બાબતની નિષ્પક્ષ તપાસ માટે તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. તંત્ર દ્વારા વહીવટી પારદર્શિતાના દાવા કરવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવિકતા સાવ અલગ જ જોવા મળી રહી છે.

તેમણે તંત્રની ઢીલી નીતિ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, તપાસ કમિટીની રચના થયાને ૭૦ દિવસથી પણ વધુનો સમય વીતી ગયો હોવા છતાં તપાસના નામે તંત્ર દ્વારા મીંડું જ સાબિત થયું છે. આટલો લાંબો સમય વિતી જવા છતાં આજદિન સુધી ભ્રષ્ટાચાર અંગેનો એકપણ પ્રાથમિક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી. તેમજ આ બાબતે જવાબદારો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આટલો સમય વીતી ગયા પછી પણ તપાસનો રિપોર્ટ ન આવવો તે દર્શાવે છે કે તંત્ર દ્વારા ક્યાંક ને ક્યાંક ભ્રષ્ટાચારીઓને છાવરવાનો અને સમગ્ર મામલા ઉપર પડદો પાડવાનો પ્રયાસ કરે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, જો આગામી ગુરૂવાર સુધીમાં આ તપાસ કમિટીનો પ્રાથમિક રિપોર્ટ જાહેર કરવામાં નહીં આવે, તો પોતે શાંત નહીં બેસે તેમજ કોંગ્રેસના કોર્પોરેટર તરીકે સ્થાનિક નાગરિકો તથા પ્રજાજનોને સાથે રાખીને મનપા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરશે. એટલું જ નહી જરૂર પડશે તો ભૂખ હડતાલના માર્ગે આગળ વધવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે. જેમાં રાજકોટના મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનરની ચેમ્બર બહાર બેસીને વિરોધ કરવામાં આવશે. ત્યારે મનપા તંત્ર દ્વારા ગુરુવાર સુધીમાં તપાસ કમિટીનો રિપોર્ટ જાહેર કરવામાં આવે છે કે નહીં તે તો આવનારો સમય જ બતાવશે.

# સાયબર છેતરપિંડી: પોતાના વાહન સંબંધિત મેસેજ સાથેની લિંક ખોલતા જ ૮.૧૨ લાખની ઠગાઈ

રાજકોટ :
મુંજકામાં પ્રશાંતિ ફ્લેટમાં રહેતા અને પેકેજિંગ ફિલ્મને લગતું કામકાજ કરતાં વિમલભાઈ ચનીયારા (ઉ.વ.૩૩)એ વોટ્સએપમાં પોતાના વાહન સંબંધિત માહિતી માટેના મેસેજ સાથેની લિંક ઓપન કરતા જ તેના બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડમાંથી રૂા.૮.૧૨ લાખ ઉપડી ગયા હતા. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગઈ તા.૨૮ જુલાઈના રોજ વિમલભાઈના વોટ્સએપ પર પ્લસ નંબર પરથી મેસેજ આવ્યો હતો. જોકે શરૂઆતમાં તેને કોઈ શંકા ગઈ ન હતી. મેસેજ ખોલી જોતા તેના વાહન સાથે સંબંધિત માહિતી દર્શાવવામાં આવી હતી. તેમા તેના વાહનનો નંબર પણ લખેલો હતો. મેસેજમાં તેના વાહનને લગતી વધુ માહિતી હશે તેવું લાગતા સાથે આવેલી લિંક ઓપન કરી હતી.



બરાબર તે વખતે કોઈનો કોલ આવતા લિંક બંધ કરી નાખી હતી. જોકે તેને તે વખતે પણ લિંક વિશે કોઈ શંકા ગઈ ન હતી. બીજા દિવસે તેના મોબાઈલમાં ૫૦થી ૬૦ જેટલા અલગ-અલગ જાહેરાત સંબંધિત ઓટીપી મેસેજ આવ્યા હતા. ત્યારબાદ તેના બે બેંકમાં આવેલા ખાતામાંથી રૂા.૬.૧૪ લાખ ઉપડી ગયા હતા.વધુ તપાસ કરતા ક્રેડિટ કાર્ડમાંથી પણ રૂા.૧.૯૮ લાખના ટ્રાન્ઝેક્શન થયાનું ધ્યાનમાં આવતા સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. જેના આધારે ગઈકાલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. સાયબર ગઠિયાઓએ લિંકના આધારે મોબાઈલની એક્સેસ મેળવી ટ્રાન્ઝેક્શન કર્યાનું સાયબર ક્રાઈમ પોલીસનું માનવું છે.

# આર્થિક ભીંસના કારણે પ્રૌઢે જીવન ટૂંકાવ્યું

રાજકોટ:
શહેરના ઘાંચીવાડ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય પ્રૌઢ સુફરઅલી આજે સવારના ૯.૩૦ વાગ્યા આસપાસ દશાશ્રીમાળી હોસ્પિટલ પાછળ આવેલ સોનાની દુકાને હતા ત્યારે કોઈ કારણો સર એસિડ પી જતા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ૧૧ વાગ્યા આસપાસ તેનું મોત નીપજ્યું હતું. પોલીસે મૃતદેહને પોસમોર્ટમમાં મોકલ્યો હતો. પ્રાથમિક તપાસમાં પ્રૌઢે આર્થિક ભીંસથી કંટાળી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

# ગોંડલના લીલાખામાં ખેડૂતોનું વિરાટ સંમેલન યોજાયું

## ગોંડલ, જેતપુર અને વડિયા તાલુકાના ૨૦ ગામના કિસાનોનો વીજજોડાણ કાપવાના સિંચાઈ વિભાગના નિર્ણય સામે વિરોધ



ગોંડલ:
ગોંડલ તાલુકાના લીલાખા ગામે વરસાદના વિઘ્ન વચ્ચે પણ ખેડૂતોનું એક વિશાળ સંમેલન યોજાયું હતું. ભાદર ડેમની સિંચાઈ યોજનામાંથી પાણી મેળવીને પાક પકવતા ગોંડલ તાલુકાના ૧૬ ગામ, વડીયા તાલુકાના ૨ ગામ અને જેતપુર તાલુકાના ૨ ગામ મળી કુલ ૨૦ ગામના મોટી સંખ્યામાં ખેડૂતો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.આ ગંભીર પ્રશ્ને ખેડૂતોએ ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયા સમક્ષ રજૂઆત કરી હતી. ખેડૂતોની રજૂઆત સાંભળ્યા બાદ પૂર્વ ધારાસભ્યએ ખેડૂતોને ખાતરી આપી હતી કે તેઓ ગાંધીનગર ખાતે સરકારમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરશે.

આ તકે તેમણે એમ પણ ઉમેર્યું હતું કે આશરે ૮૦ જેટલા ગામમાં નવા ડેમ બનાવવાની યોજના તૈયાર છે, જેમાંથી ૮૦% ખર્ચ સરકાર ઉઠાવશે અને બાકીના ૨૦% ખર્ચ યાર્ડ દ્વારા અપાશે. ખેડૂતોને માત્ર મશીનરી પૂરી પાડવાની રહેશે.નોંધનીય છે કે સિંચાઈ વિભાગે પીજીવીસીએલને સૂચના આપી ભાદર ડેમમાંથી લિફ્ટ ઈરિગેશન દ્વારા પાણી ખેંચતા ખેડૂતોના વીજ કનેક્શનો કાપી નાખવા અથવા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

પીવાના પાણીની અનામત વ્યવસ્થાના નામે લેવાયેલા આ નિર્ણયથી ખેડૂતોના ઊભા પાકને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોની માંગણી છે કે પાક તૈયાર થવાના આખરી તબક્કામાં હોવાથી માત્ર ૧૫ દિવસથી એક મહિના સુધી એટલે કે છેલ્લું એક પાણ (પાણી) આપવાની જરૂરિયાત છે.ડેમની અંદરથી પાણી લેવાની મનાઈ કરવામાં આવી છે અને પીજીવીસીએલ દ્વારા ૨૪ કલાકની મંડળીના ટીસી ઉતારવાની બાબત સામે આવતા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.ડેમ દ્વારા પાણીનો મુદ્દો અને પીજીવીસીએલ દ્વારા પાવરનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે, જેના વિરોધમાં ગામમાંથી તમામ લોકો આ મીટિંગમાં જોડાયા છે.

# ઉપલેટામાં રહેણાકમાં ચાલતું હતું જુગારધામ, ૬ મહિલાની અટકાયત

રાજકોટ:
ઉપલેટા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ઉપલેટા શહેરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા મીંટુબેન રાજેશભાઈ કોરડીયા પોતાના રહેણાંકમાં અન્ય મહિલાઓને બોલાવીને જુગાર રમાડી રહ્યા છે.

આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.પોલીસે સ્થળ પરથી ૧,૦૧,૨૪૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મુખ્ય વ્યક્તિ મીટુબેન રૂપિયા ૧૦૦ નાલ પેટે ઉઘરાવીને આ જુગારનો અખાડો ચલાવતા હોવાનું સામે આવ્યું હતું.

આથી પોલીસે મીંટુબેન રાજેશભાઈ કોરડીયા ઉપરાંત મીનાબેન વસંતભાઈ કોરાટ, નિમિષાબેન રાજેશભાઈ ચનિયારા, અલ્પાબેન સંજયભાઈ ચાવડા, કિંજલબેન મનિષભાઈ પરમાર અને રસીલાબેન પરસોતમભાઈ ગેડીયા સામે પોલીસે જુગારધારા મુજબનો ગુનો નોંધી પોલીસે સ્થળ પરથી ૫ મહિલાની અટકાયત કરી હતી, જ્યારે ૬૭ વર્ષીય વૃદ્ધ મહિલા રસીલાબેન પરસોતમભાઈ ગેડીયાને નોટિસ પાઠવી છે.

જુગારના આ કેસમાં રસીલાબેન પરસોતમભાઈ ગેડીયાનો પુત્ર દીપલ ગેડિયા રાત્રિના નશાની હાલતમાં દાદાગીરી કરવા જાહેર રસ્તા પર પહોંચ્યો હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસ આ કેસમાં ક્યા પગલાં લે છે તેના પર સહુની મીટ છે.